## માલપુર તાલુકાના બનાજીના મુવાડા ગામે

# એક જ પરિવારના પાંચ વ્યક્તિના મોતથી સમગ્ર પંથકમાં સન્નાટો





(તસવીર : સમીર બલોચ, મોડાસા)



### હત્યા મામલે કડક તપાસ થાય તેવી માંગ : ધારાસભ્ય

## પતિએ જ પત્ની, પુત્ર, પુત્રી અને પિત્રાઈ ભાઈની તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી પોતે પણ મોતને વ્હાલુ કર્યુ

(જીતેન્દ્ર પટેલ)

મોડાસા, તા.૬

અરવલ્લી જીલ્લા માટે આજે કાળો દિવસ સાબિત થયો હતો અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકાના ટુણાદર ગામે આજે કઠણ કાળજાના માવીના હદય ને પણ કંપાવી મુકે તેવી એક ઘટના બની હતી માલપરુ તાલુકા ના ટુણાદર ગામે પતિ એ જ પોતાની પત્ની બે બાળકો અને પિત્રાઈ ભાઈ ને કોઈ અંગત બાબતનો વહેમ રાખીને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને પોતે પણ મોતને વ્હાલુ કરી લેતા આ મમલે સમગ્ર અરવલલ્લી જિલ્લા માં અરેરાટી વ્યાપી ગઈ હતી.

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકામાં આવેલ બનાજીના મુવાડા ગામે આજે એક મહિલા, બે બાળકો અને એક પુરૂષ સહિત ચાર જણાનુ તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોત નીપજાવામાં આવ્યુ હતુ. અરવલ્લી જિલ્લામાં માલપુરમાં મોટી સંખ્યામાં મુવાડાઓ આવેલ છે. એમાં બનાજીના મુવાડા ગામે આજે વાઘા અને દેતરમાં જુદા જુદા અંતરે ભલાભાઈ ભુરાભાઈ પરમારના પત્ની કોકીલાબેન(ઉ.વ.૩૦) તેમજ તેમનો દિકરો રાહુલ (ઉ.વ.૫) દીકરી કીંજલબેન (ઉ.વ. ૭)નાઓ સહિત તેમના પિત્રાઈ ભાઈ રાજેન્દ્રભાઈ (ઉ.વ. ૨૫)ની તીક્ષ્ણ હથિયારના ઘા જીકી નીર્દયી રીતે હત્યા કરી નાખવામાં આવી હતી ત્યારે આ ચાર જણાની હત્યાના સમાચાર સમગ્ર પંથકમાં વાયુવેગે પ્રસરતા સમગ્ર પથકમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)



### ચાર જણાની હત્યાના પગલે જિલ્લાનો પોલીસ કાફલો ઘટના સ્થળે

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં ચાર જણાને મોતને ઘાટ ઉતારી દેવાના બનાવમાં કોઈ બીજી કોઈ અનિચ્છનીય ઘટના ના ઘટે તે હેતુથી ઘટના સ્થળે અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિહ ચાવડા, ડીવાયએસપી કીશોર બળોલીયા, એલસીબી પીઆઈ પી. કે. પટેલ, એસઓજી પીઆઈ સગર તેમજ બાયડ, માલપુર, શામળાજી, ધનસુરા, મેઘરજ, ભીલોડા પીએસઆઈ તેમજ પોલીસનો મોટી માત્રામાં કાફલો ઉતારી દેવામાં આવ્યો હતો તેમજ ડોગ સ્કવોડ અને એફએસએલને પણ ઘટના સ્થળે બોલાવી લેવામાં આવી હતી.


જયારે આ ઘટનાની જાણ થતા સમગ્ર અરવલ્લી જીલ્લાનો પોલીસ કાફલો આ હત્યાઓને પગલે બીજો કોઈ અનિચ્છનીય બનાવના બને તે પગલે ઘટના સ્થળ ઉપર પહોચી ગયો હતો. જયારે આ સમગ્ર મામલા મહિલાના પતિ પર શંકાની સોય ઉઠી હતી અને જેને લઈને પોલીસના ઉચ્ચ અધિકારીઓએ આ ઘટના અગે જીણવટભરી તપાસ હાથ આદરી દીધી હતી ત્યારે થોડા સમય પછી તપાસ કરતાં આ હત્યાનો શકમંદ એવો આરોપી ભુરાભાઈ પરમારની દવા પીધેલી હાલતમાં નજીકના ખેતરમાં આવેલા કુવામાંની બાજુમાંથી લાશ મળી આવી હતી જયારે આ માલે અરવલ્લી જિલ્લા પોલીસ વડા પણ ઘટનાની ગંભીરતાને લઈને ઘટના સ્થળે પહોચીને સમગ્ર ઘટના અંગે જાણકારી મેળવી હતી. ત્યારે પોલીસ ધ્વારા ટુંક જ સમયમાં આ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. જયારે આ ઘટનાની જાણ થતાં બાયડ અને માલપુરના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ પણ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને મૃતકના પરિવારોને હૈયા ધારણા આપી હતી અને આ સમગ્ર મામલમાં દોષિતને કડકમાં કડક સજા થાય તેવી માંગ કરવામાં આવી હતી.

ત્યારે મહિલાના પિયરીયા કોયડમ ગામના લોકો ધ્વારા ઉશ્કેરાટમાં કોઈ અનિચ્છછનીય બનાવ ના બની જાય તે માટે પોલીસ ધ્વારા કડક બંદોબસ્ત અલગ અલગ પોઈન્ટ ઉપર ગોઠવી દેવામાં અવ્યો હતો અને ડીવાયએસપી અને એલસીબી પીઆઈ ધ્વારા મહિલાના પીયરીયાને સમજાવીને આ મામલે શાંતી રાખવાની અપીલ કરી હતી.

જયારે આ સમગ્ર હત્યા પ્રકરણમાં પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનુ અનુમાન લગાવાઈ રહયુ છે ત્યારે જર અને જોરૂ આ બન્ને કજિયાનુ છોરૂ એ કહેવત અહિયા સાર્થક થતી હોય તેવુ દેખાઈ રહયુ છે.

### હત્યામાં પ્રેમ પ્રકરણ કારણભુત હોવાનુ અનુમાન

માલપુર તાલુકા ના બનાજી ના મુવાડા ગામે પતિ ધ્વારા પત્નિ બે બાળકો અને પિત્રાઈ ભાઈ ની તીક્ષણ હથીયાર ના ઘા મારી કમકમાટી ભર્યુ મોત નિપજાવા માં આવ્યુ હતુ અને ત્યારબાદ પોલીસ તપાસ માં થોડેક દુર થી જ શોધખોળ ના અંતે પોલીસ ને હત્યારા પતિ ની પણ દવા પીધેલી હાલત માં અને ચપ્પા ના ઘા મારેલી હાલત માં લાશ મળી આવી હતી ઝયારે આ સમગ્ર ઘટના પ્રકરણ માં પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનુ પ્રાથમીક અનુમાન લગાવાઈ રહયુ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ચોમાસાની સીઝનમાં અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મુસ્લીમ વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં સામાન્ય વરસાદ પડતાની સાથે જ સોસાયટીઓમાં ઘરોમાં પાણી ઘુસી જાય છે ત્યારે આ ચોમાસામાં પાણી ઘુસી જવાને લઈને મોડાસાના મુસ્લિમો ધ્વારા ત્રણ ત્રણ વખત રોડ ચક્કાજામ કરી દેવામાં આવ્યો હતો અને આ પાણી ભરાઈ ગયા તે વિસ્તારની અરવલ્લી જીલ્લા કલેકટર ધ્વારા પણ નીરીક્ષણ કરી યોગ્ય કરવાની ખાતરી આપી હતી. ત્યારે આજ દિન સુધી આ અંગે કોઈ કાર્યવાહી ન કરાતા અને નગરપાલિકામાં કાયદેસરનો થતો ટેક્ષ ભરવા છતાં પણ નગરપાલિકા ધ્વારા આ વિસ્તાર પ્રત્યે ભેદભાવભરી નીતી રાખવામાં આછે છે તેમજ આ પાણીના નીકાલ બાબતે યોગ્ય પગલા લઈને ત્વરીત કામગીરી કરવામાં આવે તે માટે આજે આ વિસ્તારના રહીશો ધ્વારા અધિક કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

### ધાનેરામાં ખુલ્લેઆમ જુગારખાના ધમધમચી રહ્યા છે

ધાનેરા, તા. ૬

બનાસકાંઠાના ધાનેરા પંથકમાં વિકાસની સાથે સાથે અસામાજીક બદીઓ પણ વ્યાપક રીતે ફુલી પાલી રહી છે. આ પંથકમાં દેશી દારૂ, વિદેશી શરાબ અને વરલી-મટકા, ગંજીપા સહિતના જુદી જુદી જાતના જુગારખાના ધમધમી રહ્યાં હોવાના કારણે આસપાના ગામોના ગ્રામજનો ખરાબ લતે ચડી પરિવાર બરબાદ કરી રહ્યા છે.

આ વિસ્તારમાં આ બદીઓ ફુલવા-ફાલવા પાછળ પોલીસની હપ્તાખોરીના કારણે બુટલેગરો તેમજ જુગારધામના સંચાલકોપ્રત્યે રહેમનજર હોવાનુપ્રજામાંચર્ચાઈ રહ્યુંછે. ધાનેરાના વિવિધ વિસ્તારો જેવા કે સુવાવડખાનાની જોડે, મેલડી માતાના મંદિર નજીક, ભગવતી વીડીયોની ગલી, નવા બસ સ્ટેન્ડમાં અને તેની પાસેના વિસ્તારમાં ડીસા રોડ, મધુસૂદન માર્કેટની સામે, ત્રિકોણીય શોપીંગ પાસે, કોટેજ દવાખાનાપાસે, ધરણીધર શોપીંગ પાસે જેવા વિસ્તારોમાં જુગારખાના ધમધમી રહ્યા છે. હાર્યા જુગારી બમણુ રમે તેમ પ્રજાજનો આ અડ્ડાઓના નરાધમો પાસે ખુલ્લેઆમ લુંટાઈ રહ્યા છે ત્યારે જિલ્લા પોલીસ વડા ડી.બી. વાઘેલા આ અંગે એલસીબી, એસઓજીની મદદથી આ અનીતિના ધામો તાકીદે બંધ કરાવે તે માટે ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

### સાંતરવાડામાં યાત્રાધામ બોર્ડના ડીરેક્ટરનું સન્માન

પાંથાવાડાના વતની તથા ભાજપના અગ્રણી ગણપતલાલ જોષીને તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડીરેક્ટર પદે નિયુક્ત કરાયા છે. જે બદલે તેમના પરિવારજનો પુરોહિત ઘાડીયા પરિવાર દ્વારા સાંતરવાડા ખાતે આવેલા તેમના કુળદેવી બ્રહ્માણી માતાજીના મંદિરે તેમને સાફો, ફુલહાર, મોમેન્ટ આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે પાંથાવાડા ગામના સરપંચ રમેશભાઈ ઘાડીયા, બ્રહ્માણી યુવક મંડળના દિનેશભાઈ મેવાડા, વણવીરભાઈ પટેલ, માધાભાઈ પટેલ સહિત તેમના પરિવારજનો યુવક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસામાં સ્વાઈન ફ્લુનો ભય : આરોગ્ય તંત્ર હાઈ એલર્ટ

## સાવચેતી એ જ સલામતી અને ઉપાય છે તંત્ર તમારી સાથે છે : ડૉ. અરૂણ આચાર્ય

ડીસા, તા. ૬

બનાસકાંઠા માં સ્વાઈન ફ્લુ નો ભય છવાયો છે,જેની સામે જીલ્લા ની પાલનપુર અને ડીસા સહીત ની સરકારી હોસ્પિટલો માં સમાન્ય શરદી અને તાવ નાં દર્દી ઓં માં સ્વાઈન ફ્લુ નો ભય છવાતા અહી હોસ્પિટલો દર્દી ઓં થી ઉભરાઈ રહી છે,રાજયભરમાં સ્વાઈન ફ્લુનો આતંક યથાવત છે.રાજયભરમાં સ્વાઈન ફ્લૂને કારણે મરણાંક વધીને ૪૩ થઈ ગયો છે. એકલા અમદાવાદમાં ૧૦૦થી વધુ કેસો નોંધાયા છે. રાજયની પરિસ્થિતિને જોતા કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ તબીબી ટીમો મોકલવામાં આવી છે. જેમાંથી એક કચ્છમાં, જયારે અન્ય અમદાવાદ સહિતના શહેરોમાં પહોંચી રહી છે.ત્યારે બનાસકાંઠા માં પણ બે ના મૃત્યુ નોધાતા અહી સ્વાઈન ફ્લુ નો ભય વધ્યો છે.

બનાસકાંઠા ના ડીસા - પાલનપુર -ધાનેરા વડગામ -વાવ - થરાદ,કાંકરેજ,દાંતા અમીરગઢ સહીત સમગ્ર જીલ્લામાં જીવલેણ બનતા સ્વાઈન ફ્લુ નો ભય છવાયો છે,આ વાયરસ ના લક્ષણો સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને સ્વાઈન ફ્લૂ બીમારીનો સામનો કરવા માટે કેટલીક માર્ગદર્શિકાઓ બહાર પાડી છે અને નાગરિકોને વિનંતી કરી છે કે તેમણે સાધારણ તાવ અને સાથે શ્વાસ લેવામાં તકલીફ જણાય તો જરાય બેદરકાર રહેવું નહીં.ત્યારે શિયાળા ની સીજન હોઈ તાવ,શરદી નાં અનેકો દર્દી અહી જોવા મળે છે ,જેઓં સ્વાઈન ફ્લુ નાં ભય થી ફફડી રહ્ના છે ડીસા માં આવા દર્દીઓં ની લાઈનો લાગી છે ,કે જેમને સર્દી,ખાંસી અને ઉધરસ છે,આવા દર્દીની સારવાર અને લેબોરેટરી માટે અહી ખાસ વધારાની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે,ડીસા માં સરેરાસ આવતા દર્દી કરતા હાલ ની તાઝા સ્તીથી એ ડબલ દર્દીઓં અહી આવી રહ્ના છે,ત્યારે ડીસા ના સિવિલ સર્જન ડો,અરવિંદ પરમારે સ્વાઈન ફ્લુ થી ગભરાવવા ની જગ્યા એ સાવચેતી રાખવી જરૂરી છે તેવું જણાવી સ્વાઈન ફ્લુ લક્ષણો જણાતાં તુરંત ડીસા સિવિલ હોસ્પીટલમાં નિશુલ્ક મળતી સારવાર અને તપાસ કરવા અપીલ કરી છે.

જયારે બીજી તરફ જીલ્લા આરોગ્ય અધિકારી ડો, અરુણ આચાર્યે સમગ્ર જિલા નાં તાલુકા હેલ્થ અધિકારી,મેડીકલ ઓફિસરો, તેમજ આરોગ્ય કર્મચારીઓં સાથે સંકલન માં રહી સ્વાઈન ફ્લુ સામે રક્ષણ માટેની અને સારવાર માટેની યોગ્ય ગાઈડ લાઈન નક્કી કરી છે, અને તમામ જરૂરીયાતમંદો ને સમયસર ઉચિત અને નિશુલ્ક સારવાર મળે તે માયે તમામ ને તાકીદ કર્યા છે ,તમામ તાલુકા હેલ્થ અધિકારીઓં ને જરૂરીયાત મંદ દર્દી માટે જરૂરી તમામ સાધન -સહાય આપવાની પણ તેમને તાકીદ કરી છે અને તમને જીલ્લામાં રાઉન્ડ ધ કલોક આ રોગ સામે રક્ષણ ની તમામ માહિતી નું મોનીટરીંગ હાથ ધરી તમામ ને હાઈ એલર્ટ રાખેલ છે, તેમને માહિતી આપતા જણાવ્યું હતું કેં આરોગ્ય તંત્ર આરોગ સામે રક્ષણ અને સારવાર માટે સજ્જ છે,નાગરીકો એ કોઈ અફવા થી ગભરાવવું નહિ,આ રોગ સામે સાવચેતી એજ સલામતી નો ઉપાય છે, ઉધરસ ,શરદી,તાવ ના લક્ષણો હોય તો નજીક ના હોસ્પિટલનો સંપર્ક કરવો, તેવું જણાવ્યું હતું.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સ્વાઈન ફ્લુ ઓછી રોગ -તિકારક શક્તિ ધરાવતા બાળકો ને પોતાના ભરડા માં લઈ શકે છે તે માટે ખાસ કાળજી રાખવાની સલાહ બાળરોગ નિષ્ણાત ડો, હીના એચ,હસને આપી હતી, અને શંકાસ્પદ લક્ષણો જણાય તો તુરંત નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

બનાસકાંઠા સહીત ડીસા પંથક માં સ્વાઈન ફ્લુ ના આંતક નો ભય યથાવત રહેતા સ્કૂલો માં પણ તેની અસર વર્તાતી જોવા મળી છે જેમાં ડીસા નાં રાણપુર ગામ માં આવેલી ગલાલપુરા -ાથમિક સ્કુલ માં શિક્ષકો અને બાળકો સ્વાઈન ફ્લુ સામે સ્વયંભુ રક્ષણ માં જોડાયા હતા,ધોરણ ૧ થી ૭ માં ભણતા ૧૮૦ બાળકો અહી સ્વાઈન ફ્લુ થી બચવા મોઢા પર માસ્ક સમાન રુમાન બાંધી પોતાનું શેક્ષનિક કાર્ય કરતા જોવા મળ્યા હતા ,તો વળી, અહીના શિક્ષકો પણ મોઢા પર માસ્ક બાંધી ભણાવતા જોવા મળ્યા હતા,રોગ સામે રક્ષણ નું આ જાગૃતિ અભિયાન આ સ્કુલમાં બાળકો અને શિક્ષકો એ જાતેજ હાથ ધરતા સ્વાઈન ફ્લુ સામે નું આ અભિયાન ્રેરણાદાયક બન્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦